વિદેશ મંત્રીએ કેનેડાનાં વિદેશ મંત્રી અનિતા આનંદ સાથે મુલાકાત કરી

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં કેનેડાના વિદેશ મંત્રી સુશ્રી અનિતા આનંદ સાથે મુલાકાત કરી હતી.

2. બેઠક દરમિયાન, બંને મંત્રીઓએ ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીના મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અને સહકારને આગળ વધારવા માટે થઈ રહેલા પ્રયાસોની સમીક્ષા કરી હતી. તેમણે સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા તેમજ ઊર્જા ક્ષેત્રે સહકારનો વ્યાપ વિસ્તારવા અંગે વિચારોનું વિગતવાર આદાન-પ્રદાન કર્યું હતું.

3. મંત્રીઓએ તેમની આર્થિક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા, દ્વિપક્ષીય વેપારનો વ્યાપ વધારવા તથા શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, લોકોથી લોકોના પરસ્પર સંબંધો અને બહુપક્ષીય મંચો પર સહકારને આગળ વધારવાની તકો અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમો અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

4. મંત્રીઓએ બંને દેશો વચ્ચેના ઉચ્ચ-સ્તરીય સંપર્કોમાં સાતત્યપૂર્ણ ગતિ જાળવી રાખવા અને તેને નક્કર પરિણામોમાં રૂપાંતરિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (સીઈપીએ) અંગેની વાટાઘાટોનો વહેલી તકે નિષ્કર્ષ લાવવાની દિશામાં થયેલી પ્રગતિની પણ પ્રશંસા કરી હતી.

5. આ બેઠકમાં બંને પક્ષોએ ભારત અને કેનેડાના લોકો માટે નક્કર લાભો સુનિશ્ચિત કરતી રચનાત્મક અને ભવિષ્યલક્ષી ભાગીદારીને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

નવી દિલ્હી

14 ઑક્ટોબર, 2026